


ભાવાંજલિ : પુલવામામા વીર ગતિને પામનાર શહીદોને અંજલિ આપવા શહેરમાં ઠેર ઠેર કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. વિવિધ સંસ્થાઓ, સમાજો અને સંગઠનો દ્વારા શહીદોને અંજલિ આપવા માટે રોજ સાંજે કેન્ડલ માર્ચ નીકળે છે. શનિવારની સાંજે ઘ-૪ વિસ્તારમાં વિવિધ સંસ્થાઓ દ્વારા અલગ - અલગ શ્રદ્ધાંજલિ કાર્યક્રમો યોજાયા હતા. વીર જવાનોના પરિવારો પરત્વે સંવેદના વ્યક્ત કરવા યોજાતા કાર્યક્રમમાં દેશભક્તિની અનોખી અભિવ્યક્તિ કરાઈ રહી છે.

# જરૂર હોય તો ચૂંટણીને રોકી દો, પણ પાકિસ્તાને ઠોકી દો

ગાંધીનગર,તા.૧૬

સુરત જિલ્લાના માંગરોળના બણભા ડુંગર ખાતે પાંચ કરોડના ખર્ચે પ્રવાસન કેન્દ્રને ખુલ્લુ મુકવામાં આવ્યું તે પ્રસંગે રાજયના કેબિનેટ મંત્રી ગણપત વસાવાએ પુલવામાના શહીદોના બલિદાન બાદ દેશભરમાં ઉઠેલા જનાક્રોશની તરફેણ કરતાં બહુ મહત્વપૂર્ણ નિવેદન કર્યું હતું કે, પુલવામામાં જે રીતે પાકિસ્તાને કાયરતાપૂર્ણ આંતકવાદી કાર્ય કર્યું છે, તેનાથી દેશભરમાં રોષ છે. તેથી, જરૂર હોય તો, લોકસભાની ચૂંટણી રોકી દો પરંતુ તે પહેલાં પાકિસ્તાનને ઠોકી દો. વસાવાએ ભારતમાં લોકસભાની ચૂંટણી યોજાય તે પહેલા પાકિસ્તાનમાં શોકસભા થાય તેવો વળતો જવાબ આપવાની વાત ગણપત વસાવાએ કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત વિશાળ જનમેદનીએ મંત્રી વસાવાના હુંકાર અને લાગણીને તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી.

# બિનઅધિકૃત કબજેદારોની હકાલપટ્ટી માટે આવાસોનો સર્વે હાથ ધરાશે

**શહેરમાં જોખમી મકાનો તોડવાની કામગીરી સાથે રહેણાંકના મકાનોની સંખ્યા ઘટી છે : પ્રતિક્ષા યાદી પણ મોટી ત્યારે બિન અધિકૃત કબજેદારોની સંખ્યા પણ વિશેષ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોવાનુ સ્પષ્ટ થયુ છે. જયારે તબક્કવાર સેકટરોમાં વિવિધ કેટેગરીના મકાનો તોડવામાં આવી રહ્યા છે. જોખમી મકાનો રહેણાંકની દ્રષ્ટીએ પણ યોગ્ય નથી. જયારે આ મકાનો તોડીને તેના સ્થાને નવા મકાનો બાંધવા માટે પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. હાલ પણ જુદા જુદા સેકટરોમાં વિવિધ કેટેગરીના મકાનો તોડવામાં આવી રહ્યા છે. જયારે હજુ પણ નવા મકાનો તૈયાર કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. સેકટરોમાં રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય હોય તેવા મકાનો સંખ્યા ઓછી છે. જયારે બીજીતરફ સરકારના ચોપડે મકાન માટે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. મકનો તોડવાની પ્રક્રીયા દરમિયાન આવાસો ખાલી કરાવાનુ પણ તંત્ર માટે શિરદર્દ સમાન બન્યુ છે. આવા સંજોગોમાં શહેરમાં રહેણાંકના સરકારી આવાસોમાં બિન અધિકૃત કબજેદારોની સંખ્યા પણ વિશેષ હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

જો કે આ મામલે તંત્ર દ્વારા લાંબા સમયથી કોઈ અભ્યાસ કે સર્વે હાથ ધરાયો નથી. પરંતુ છેલ્લા કેટલાક સમયથી બિન અધિકૃત કબજેદારોની સંખ્યા વધી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. જયારે આવા કબજેદારો પાસેથી સરકારી મકાનોનોને કબજા મુક્ત કરાવવા માટે તંત્ર દ્વારા સેકટરોમાં સર્વે અને અભ્યાસ હાથ ધરવા માટે પણ વિચારણા કરવામાં આવી છે. શહેરમાં નિકાલ હેઠળના તેમજ જોખમી મકાનોનો કડુસલો કરાયા બાદ રહેણાંકના મકાનો ફાળવવાની પ્રક્રીયા પણ વધુ જટીલ બની છે. આવા સંજોગોમાં બિન અધિકૃત કબજો ધરાવતા મકાનો પણ ખાલી કરાવવા માટે તંત્ર દ્વારા ટુંકમાં જ સર્વેના અંતે કડક કાર્યવાહી કરાશે.

# શહેરમાં કચરો એકત્રિત કરવા સ્માર્ટ ડસ્ટબીન મુકવામાં આવશે

**મુખ્ય શોપિંગ સેન્ટર વિસ્તાર સહીત કુલ ૯૦ ઠેકાણે ડસ્ટબીન મુકાશે : ડસ્ટબીનમાંથી તુરંત જ ક્રેઇન મારફતે કચરાનો નિકાલ કરાશે**

ગાંધીનગર તા ૧૬

શહેરના શોપિંગ વિસ્તારમાં કચરો એકત્રિત કરવા માટે ટુંક સમયમાં જ સ્માર્ટ ડસ્ટબીન મુકાશે. નગરમાં સેકટરોના વિવિધ શોપિંગોમાં ૯૦ ઠેકાણે ૧૮૦ જેટલા ડસ્ટબીન મુકવા માટે આયોજન કરાયુ છે. આ સ્માર્ટ ડસ્ટબીનમાં લીલો અને સુકો કચરો એકત્રિત થયા બાદ ક્રેઈન મારફતે તેને ત્વરિત કાઢી લેવાશે. સ્માર્ટ ડસ્ટબીનના લીધે સ્થળ પર કચરાના ઢગ ખડકાશે નહીં જયારે રખડતા ઢોર પણ ડસ્ટબીનમાં ડોકીયુ નહીં કરે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

શહેરમાં દાયકાઓના અંતે પણ કચરાના નિકાલ માટેની યોગ્ય વ્યવસ્થા ગોઠવાઈ નથી. જયારે કચરા નિકાલ માટે તંત્ર દ્વારા અગાઉ મુકવામાં આવેલી કચરાપેટીના સ્થળે પણ ઉકરડા અસ્તિત્વમાં આવતા ગંદકીની સમસ્યા વધુ વિકરાળ બની હોવાનો સુર પણ ઉઠવા પામ્યો હતો. આ ઉપરાંત કચરાથી ઉભરતી ડસ્ટબીનમાંથી સમયસર કચરાનો નિકાલ ન થતા ગંદકીની સમસ્યા વધુ જટીલ બની હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જેમાં ખાસ કરીને જાહેર સ્થળો પર ગંદકી ખદબદતી જોવા મળી રહી છે. આ ઉપરાંત ડસ્ટબીનમાં રખડતા ઢોર પણ ડોકીયુ કરતા હોવાની સાથે કુતરાઓ પણ અડ્ડો જમાવતા ગંદકીનો પ્રશ્ન વધુ વિકરાળ બન્યો હોવાનુ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં નગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયા બાદ સ્વચ્છતાના મામલે તંત્ર દ્વારા વિવિધ પરિબળોને ધ્યાને લઈ નવતર વિચારણા હાથ ધરવામાં આવી છે.

જો કે હજુ સ્વચ્છતાના મામલે ઘણુ કરવાનુ બાકી છે. આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા સ્વચ્છતા અંતર્ગત સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે શહેરમાં વિવિધ ૧૮૦ જેટલી સ્માર્ટ ડસ્ટબીન મુકવાનુ આયોજન કરાયુ છે. જેમાં નગરના મુખ્ય શોપિંગ સેન્ટરના વિસ્તારમાં કુલ ૯૦ ઠેકાણે ડસ્ટબીન મુકવામાં

● અનુસંધાન પાના - ૭ પર

# એસ.ટી. ડેપો સંકુલમાં વધુ છ સ્થળોએ સી.સી. કેમેરા લગાવાશે

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર એસ ટી ડેપોમાં સલામતીનો મુદ્દો છેલ્લા ઘણા સમયથી રામભરોસે છે. જેના લીધે મુસાફરોના અવારનવાર ખિસ્સા કપાતા હોવાના બનાવો પણ પ્રકાશમાં આવે છે. બીજીતરફ પોલીસ ચોકી પણ વર્ષોના અંતે કાર્યરત થઈ નથી. જયારે ડેપો સંકુલમાં સી સી ટી વી કેમેરા વધારવા માટે પણ આયોજન કરાયુ છે. હાલ સમગ્ર ડેપો સંકુલમાં ૬ જેટલા સી સી કેમેરા રાખવામાં આવ્યા છે. જયારે હજુ વધુ સી સી કેમેરા લગાવાવા માટે પણ આયોજન કરાશે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. એસ ટી ડેપોમાં રોજબરોજ મુસાફરોના ખિસ્સા કપાય છે. આ સ્થિતિ વચ્ચે પોલીસ પહેરાના અભાવ વચ્ચે ડેપો સંકુલમાં તસ્કરી વૃતિને પ્રોત્સાહન મળ્યુ છે. સલામત સવારીમાં અપડાઉન કરતા મુસાફરોના ખિસ્સા કપાય છે. ચેઈન સ્નેચીંગના બનાવો સહીત મોબાઈલની ઉઠાંતરી થતી હોવાના પણ અનેક કિસ્સાઓ ધ્યાને આવ્યા




● અનુસંધાન પાના - ૭ પર

# રાજ્યમાં સ્વાઈન ફ્લુના વધુ ૯૪ કેસો

અમદાવાદ શહેર સહિત રાજ્યભરમાં સ્વાઈન ફ્લુનો આતંક યથાવત રીતે જારી રહ્યો છે. આજે સ્વાઈન ફ્લુના નવા ૯૪ કેસ સપાટી ઉપર આવ્યા હતા. બીજી બાજુ ત્રણના મોત થયા હતા. વડોદરામાં બે લોકોના મોત થયા હતા. સ્વાઈન ફ્લુના આજે જે ૯૪ કેસ નોંધાયા હતા તેમાં અમદાવાદમાં સૌથી વધુ ૫૦ કેસ જ્યારે સુરતમાં ૧૦ અને વડોદરામાં ૯ કેસ સપાટી પર આવ્યા હતા. સ્વાઈન ફ્લુને રોકવા માટે લેવામાં આવી રહેલા પગલાં બિનઅસરકારક સાબિત થઈ રહ્યા છે. રાજ્યમાં સ્વાઈન ફ્લુના કુલ કેસોની સંખ્યા રોકેટગતિએ વધી રહી છે. પહેલી જાન્યુઆરીથી લઈને હજુ સુધી પ્રદેશમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૧૭૯૨ થઈ ગઈ છે. જ્યારે યોગ્ય સારવારના પરિણામ સ્વરૂપે ૧૦૫૩ જેટલા દર્દી સ્વસ્થ થઈને ઘરે પરત ફરી ચુક્યા છે.

# કોંગ્રેસની રાષ્ટ્રીય કારોબારી ૨૮મીએ અમદાવાદમાં

અમદાવાદ,તા.૧૬

લોકસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસ પક્ષ હવે એકદમ એકશન મોડમાં છે અને આ વખતે કોઈપણ ભોગે સત્તાના શિખરો સર કરવા માટેનું બહુ ગણતરીપૂર્વકનું પ્લાનીંગ અને રણનીતિ ઘડી રહી છે. કોંગ્રેસ વર્કિંગ કમીટી(સીડબલ્યુસી)ની બહુ મહત્વની બેઠક આ વખતે લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાતમાં યોજવાનો બહુ મોટો અને ઐતિહાસિક કહી શકાય તેવો નિર્ણય કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા લેવાયો છે. કોંગ્રેસ વર્કિંગ કમીટીની ગુજરાતમાં યોજાનારી આ મહત્વની બેઠકમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, મનમોહનસિંહ, એહમદ પટેલ સહિતના દિગ્ગજ રાષ્ટ્રીય નેતાઓ હાજરી આપશે. સીડબલ્યુસીની બેઠક બાદ ભવ્ય રોડ શોનું પણ આયોજન કરવામાં આવે તેવી શકયતા છે, જેમાં રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિતના નેતાઓ ગુજરાતની જનતાને કોંગ્રેસ તરફી મતદાન માટે આકર્ષવાનો પ્રયાસ કરશે.
લોકસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસ પક્ષ દ્વારા બહુ ગંભીરતાપૂર્વક અને ગણતરીપૂર્વકના આયોજન ચાલી રહ્યા છે. ખાસ કરીને ચૂંટણીલક્ષી રણનીતિ આ વખતે કંઈક અલગ પ્રકારની ઘડાઈ રહી છે કે જેથી ગુજરાત સહિત દેશના અન્ય રાજયોમાં કોંગ્રેસને મોટો ફાયદો થાય તો, ગઠબંધન અને તડજોડની નીતિના સહારે કેન્દ્રની સત્તા મેળવવાનો સીધો અને મોટો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ માટે લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસ વર્કિંગ કમીટી(સીડબલ્યુસી)ની બેઠકમાં બહુ મહત્વની અને નોંધનીય ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવશે. અગાઉ સીડબલ્યુસીની બેઠક તા.૨૬મી ફેબ્રુઆરીએ યોજાવાની હતી પરંતુ હવે તા.૨૮મી ફેબ્રુઆરીએ કોંગ્રેસ વર્કિંગ કમીટીની બેઠક યોજવાનું નક્કી થયું છે અને તે પણ ગુજરાતમાં.

# છત્રાલમાં ધોળે દિવસે રિવોલ્વરની અણીએ એક્સિસ બેંકમાં લૂંટ

**બેંકના કર્મચારી ના પગમાં ગોળી મારીને લૂંટારૂઓ રુ.૪૩.૮૮ લાખની કેશ લૂંટી ગયા પંદર જ મિનિટમાં લૂંટ ચલાવીને લૂંટારૂઓ ફરાર : ચાર જિલ્લાની પોલીસને એલર્ટ કરી દેવાઈ**

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા છત્રાલ ખાતે એક્સિસ બેંકમાં આજે ધોળે દિવસે લૂંટારૂઓ રિવોલ્વર સાથે ઘુસી ગયા હતા અને દિલધડક લૂંટ કરી હતી. બાઈક ઉપર આવેલા ત્રણ લુટારુઓએ બેન્કના કર્મચારી ના પગમાં ગોળી મારીને કેશ રૂમમાંથી રૂ.૪૩.૮૮ લાખની કેશ લૂંટી લઈ પંદર જ મિનિટમાં ત્રણેય લૂંટારુઓ બાઈક પર રફુચક્કર થઈ ગયા હતા. ઘટનાની જાણ પોલીસને થતાં ગાંધીનગર પોલીસ વડા સહિત એલ.સી.બી એસ.ઓ.જી ઉપરાંત જિલ્લાભરની પોલીસ દોડતી થઈ ગઈ હતી અને ચારેય તરફ નાકાબંધી કરી દીધી હતી. ગાંધીનગર જિલ્લા ઉપરાંત આસપાસના ચાર જિલ્લાની પોલીસને એલર્ટ કરી દેવામાં આવી હતી પરંતુ લુંટારુઓ હાથ લાગ્યા ન હતા.

ગાંધીનગર જિલ્લામાં ચોરી લૂંટ ધાડ અને હત્યા જેવા ગુનાઓ પણ સામાન્ય થઈ ગયા છે જેને જોતાં એમ લાગી રહ્યું છે કે યુપી બિહાર જેવા ગુનાખોરીનો ગ્રાફ થઈ જશે. સામાન્ય વાહનચોરી



અને ઘરફોડ ચોરી તો ઠીક હવે તો લૂંટારૂઓ ખુલ્લેઆમ રિવોલ્વર સાથે બેંકમાં ધોળે દિવસે ઘૂસી જવા લાગ્યા છે. આજે બપોરે કલોલ તાલુકાના છત્રાલ ખાતે આવેલી એક્સિસ બેંકમાં ત્રણ લૂંટારૂઓ રિવોલ્વર સાથે ઘૂસી ગયા હતા અને એક બેંક કર્મચારી દિપ પટેલના પગમાં ફાયરિંગ કરી દીધું હતું. બેંકની મહિલા કર્મચારી નેહા પટેલના ગળામાંથી સોનાની ચેન લૂંટી આ લૂંટારૂઓએ રિવોલ્વરની અણીએ બેંકનો કેસ રુમ પણ લૂંટી લીધો હતો. કેશ રૂમમાંથી રોકડ રૂપિયા ૪૩.૮૮ લાખ લૂંટી લે પંદર જ મિનિટમાં ત્રણેય લૂંટારુઓ બાઈક પર ફરાર થઈ ગયા હતા. પોલીસ કંટ્રોલ રૂમમાં આ મામલે જાણ કરાતા જિલ્લા પોલીસ

● અનુસંધાન પાના - ૭ પર

## છેલ્લે.. છેલ્લે..

- રાજ્યના ૪૦ ડીવાયએસપી અને ૧૮ આઈપીએસ અધિકારીઓની બઢતી અને બદલીના હૂકમ મોડી રાત્રે ગૃહ વિભાગ દ્વારા કરાયા હતા.
- ટ્રાવેલ ઈન્ડિસ્ટ્રીમાં અલગ અલગ એજન્ટોએ કાશ્મિરની ટૂરનો બહિષ્કાર કરવાનો ઠરાવ કર્યો.
- રાજ્યના તમામ મલ્ટીપ્લેક્સ થિયેટર સોમવારના પહેલા અને બીજા શૉ ની તમામ આવક શહિદ જવાનોના પરિવારને આપશે.
- જાણીતા કથાકાર પૂજ્ય મોરારીબાપુએ શહિદ જવાનોના પરિવારોને ૧-૧ લાખ રૂપિયાની સહાય પહોંચાડવાની જાહેરાત કરી.
- ભાજપના વિસનગર સંમેલનમાં ઊંઝાના પૂર્વ ધારાસભ્ય આશાબેન પટેલના વિરોધમાં ઉત્તર ગુજરાતના પ્રભારી કે.સી. પટેલ સામે સૂત્રોચ્ચાર કરાયો હતો.
- જામનગરના રાજવી જામ શ્રી શત્રુશલ્યસિંહજીની તબિયત અત્યંત નાજુક બની છે. ખાસ એર એમ્બ્યુલન્સ ચાર્ટર પ્લેન દ્વારા મુંબઈની બ્રિજ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરાયા.
- અમદાવાદ મહાનગર પાલિકાના બજેટ સત્રમાં ભારે હોબાળો થયો છે. વિરોધ પક્ષોએ બજેટ પુસ્તિકાના પાના ફાડી ઉછાળતા બેઠક મુલ્તવી રખાઈ.
- સુરતના મારૂતિ વીર જવાન ટ્રસ્ટ દ્વારા શહીદ પરિવારોને ૨.૫૦-૨.૫૦ લાખની સહાય આપવાનુ જાહેર કરાયું.
- વિધાનસભાની પહેલા દિવસની કાર્યવાહી શોક પ્રસ્તાવ બાદ ગૃહ મુલત્વી રહેશે એમ નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ છે.
- મહેસાણા-અમદાવાદ હાઈવે પર ટેન્કર-બસ ટકરાતા બે મુસાફરોના સ્થળ ઉપર મોત થયા હતા.
- વિસાવદરના ધારાસભ્ય હર્ષદ રિબડીયાને રાષ્ટ્રીય કિસાન કોંગ્રેસના નેશનલ કોઓર્ડિનેટર તરીકે નિમણુંક કરાઈ છે.
- ઊંઝા એપીએમસીની મતદારયાદીના મામલે ભાજપના બે જૂથો આમને-સામને. વિસનગર ખાતે યોજાયેલ વિસ્તારક બેઠકમાં ઉગ્ર વિરોધ જોવા મળ્યો.
- કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષો રાજ્યકક્ષાએ ચૂંટણીના કામે લાગી ગયા છે. એક દિવસના શોક બાદ ભાજપમાં તેની જુદી જુદી સમિતિઓની બેઠક તથા ક્લસ્ટર્સ સંમેલનો યોજાયા હતા. જ્યારે કોંગ્રેસની પણ ત્રણ મહત્ત્વની સમિતિઓની બેઠક યોજાઈ હતી.


જાહેર આમંત્રણ
ચાર ધામ યાત્રા
બદ્રીનાથની પાવન તપોભૂમિમાં
શ્રીમદ્ ભાગવત્ કથા
વક્તા : પરમ પૂજ્યશ્રી કન્હૈયાલાલજી મહારાજ
યાત્રા પ્રારંભ : તા. ૪-૯-૨૦૧૯ યાત્રા વિરામ : ૧૯-૯-૨૦૧૯
હરિદ્વાર ગંગા આરતી, મસુરી, યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, સહસ્ત્રધારા, ગુપ્ત કાશી, ઉત્તર કાશી, પંચપ્રયાગ, ઋષિકેશ દર્શન, ભગવાન શિવ અને પાર્વતીના લગ્નનું પાવન સ્થળ ત્રિયુગી નારાયણના પાવન દર્શનનો લાભ.
કથાના ખર્ચ પેટે
વ્યક્તિ દીઠ રૂા. ૧૮,૫૦૦/- અને સિનિયર સીટીઝને રૂા. ૧૮,૦૦૦/- તારીખ ૨૫-૩-૨૦૧૯ સુધીમાં એડવાન્સ પેટે ૮,૦૦૦/- નીચેના સરનામે જમા કરાવી પોતાનું નામ રજીસ્ટ્રર્ડ કરાવી લેવું.
સંપર્ક : ૐકાર ગ્રાફીક્સ, શોરૂમ નં. ૨૧, શ્રી ઉગતી કોર્પોરેટ પાર્ક, મારૂતી નેક્સાની બાજુમાં, કુડાસણ, ગાંધીનગર. શ્રી કન્હૈયાલાલ પંડ્યા પ્લોટ નં. ૧૦૧૨/૧, સેક્ટર-૪/એ, ગાંધીનગર. મો. ૯૪૨૮૨ ૧૭૫૫૭, ૭૭૭૯૦ ૨૮૮૨૧, ૯૮૨૪૦ ૫૯૬૩૫



ફક્ત ૧૦ મીનીટમાં પાસપોર્ટ ફોટા
₹૫૦/- માં 08 પાસપોર્ટ ફોટા
• Videography • Photography,
• Editing Work • Ad Film,
• Documentary Film,
• Short Film,
• Online Marketing
Red Smile Entertainments
We entertain with smile to make you smile
Call - 88 66 3235 67 | WhatsApp - 72 72 8892 51
SHOP NO. 104, FIRST FLOOR, PRARAMBH PLAZA, SECTOR NO. 6/A, GANDHINAGAR - 382006



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com